If you want to fly, We provide wings...

ICE®

# TRENDING CURRENT

## TOPIC 43

## COP-13




ચર્ચામાં શા માટે ?

આ પરિષદના ઉદ્દેશ્ય વિશે :-

ગાંધીનગર ઘોષણા-પત્ર વિશે :-


સંપાદક

મૌલિક ગોંધિયા
(Director - ICE)



TOPIC-43નો
વીડિયો જોવા માટે અહીં
CLICK કરો

YouTube
ICE RAJKOT
SUBSCRIBE
માટે અહીં
CLICK કરો

અમારી સાથે જોડાયેલા રહો :

www.iceonline.in t.me/icerajkotofficial 9375701110/9328001110

## ચર્ચામાં શા માટે ?

- તાજેતરમાં 15 થી 20 ફેબ્રુઆરી 2020 દરમિયાન ગુજરાતની રાજધાની ગાંધીનગરમાં વન્ય પ્રાણીઓની સ્થળાંતર પ્રજાતિઓના સંરક્ષણ(CMS) માટે મહત્ત્વના નિર્ણય લેતી સંસ્થા "કોન્ફરન્સ ઓફ પાર્ટીઝ" (COP) ની 13મી પરિષદનું આયોજન કરવામાં આવ્યું હતું.
- આ પરિષદની થીમ "સ્થળાંતરિત પ્રજાતિઓ પૃથ્વીને જોડે છે અને અમે સાથે મળીને તેમનું અમારા ઘરે સ્વાગત કરીએ છીએ" રાખવામાં આવી હતી.

## આ પરિષદના ઉદ્દેશ્ય વિશે :-

- આ પરિષદનું માસ્કોટ "ગીબી" (ગ્રેટ ઈન્ડિયન બસ્ટર્ડ) રાખવામાં આવ્યું હતું.
- દર ત્રણ વર્ષે આ પરિષદનું આયોજન કરવામાં આવે છે.
- CMS (Conversation of migratory Species of wild animals-વન્ય પ્રાણીઓનું સ્થળાંતર પ્રજાતિઓનું રક્ષણ) એ સભ્ય દેશોની સ્થળાંતરિત પક્ષીઓના સંરક્ષણ, તેમના સ્થળાંતર સ્થાન અને સ્થળાંતર માર્ગ અંગેની વિશ્વની એકમાત્ર પરિષદ છે.
- આ પરિષદમાં CMSની સંરક્ષિત જાતિઓની સૂચિમાં 10 નવી પ્રજાતિઓ ઉમેરવામાં આવી છે.
- આ સૂચિના પરિશિષ્ટ-1માં ગ્રેટ ઈન્ડિયન બસ્ટર્ડ, એશિયાઈ હાથી, બંગાળ ફ્લોરિકન, જગુઆર (અમેરિકાનું ચિત્તા જેવું હિંસક પ્રાણી), વ્હાઈટ-ટીપ શાર્ક, લિટલ બસ્ટર્ડ અને એન્ટિપોડિયન આલ્બટ્રોસ જેવી પ્રજાતિઓને સામેલ કરવામાં આવી છે.
- નોંધનીય છે કે પરિશિષ્ટ-1માં લુપ્ત થતી પ્રજાતિઓને સામેલ કરવામાં આવી છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

- જયારે પરિશિષ્ટ-2માં ઉરીયલ, સ્મૂધ હેમરહેડ શાર્ક અને ટીપશાર્કને સામેલ કરવામાં આવી છે.
- CMSએ આંતરરાષ્ટ્રીય પર્યાવરણીય સંધિ છે. જેને 'બોન કન્વેશન' તરીકે પણ ઓળખવામાં આવે છે. તેનું મુખ્યમથક જર્મનીના બોનમાં આવેલું છે.
- આ પરિષદમાં લીધેલા નિર્ણયો 2020 પછીની ''વૈશ્વિક જૈવ વિવિધતા ફ્રેમવર્ક''ની વ્યૂહરચના માટે આધાર પ્રદાન કરશે.

## ગાંધીનગર ઘોષણા-પત્ર વિશે :-

- આ પરિષદમાં ''ગાંધીનગર ઘોષણા'' નામનો ઘોષણા-પત્ર બહાર પાડવામાં આવ્યો હતો. જેમાં સ્થળાંતર કરનારા પક્ષીઓ અને તેમના નિવાસ સ્થાનના સંરક્ષણ માટે આંતરરાષ્ટ્રીય સહયોગમાં CMSની ભૂમિકાની પ્રશંસા કરવામાં આવી હતી.
- આ ઘોષણાપત્રમાં સ્થળાંતર કરનાર પ્રાણીઓના રહેઠાણનું ધોવાણ અને તેમનું અનિયંત્રિત શોષણ તથા સ્થળાંતર કરનારા સજીવોના અસ્તિત્વ માટેનો સૌથી મોટો ખતરો વર્ણવવામાં આવ્યો હતો.
- આ ઘોષણાપત્રમાં CMS અને જૈવ વિવિધતા સંબંધિત સંમેલનોના લક્ષ્યને પ્રાપ્ત કરવાના આબોહવા પરિવર્તન અંગે પેરિસ કરારના મહત્ત્વ (UNFCCC) ને સ્વીકારવામાં આવ્યું હતું.
- આ પરિષદમાં ત્રણ નવા CMS-એમ્બેસેડરની નિમણૂક કરવામાં આવી છે જેમાં પાર્થિવ સ્થળાંતર પ્રજાતિઓ માટે ઈયાન રેડમંડ, સ્થળાંતર પક્ષીઓ માટે સશા ડૈંચ તથા સ્થળાંતર જળચર પ્રાણીઓ માટે રણદીપ હૂડા નો સમાવેશ થાય છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

**સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને ફ્રી મટીરિયલ્સ**
**તેમજ રેગ્યુલર કરંટ અફેર્સ મેળવવા માટે**
**નીચે આપેલા અમારા**
Social Media Icon **પર** Click **કરો.**

**JOIN OUR TELEGRAM**
t.me/icerajkotofficial

**YouTube**
ICE RAJKOT

**Instagram**
ICE RAJKOT

**Facebook**
*like* | *comment* | *share*
ICE RAJKOT

**twitter**
ICE RAJKOT